# શાકભાજી વેચતી વિધવાની દીકરી ઈન્ટરનેશનલ બોક્સર

વિશેષ
નિધિ ભટ્ટ
feedback.ladki@bombaysamachar.com

**આસામના આદિવાસી ગામની જમુના બોડોનું સપનું ઑલિમ્પિક્સમાં રમવાનું છે**



ભારત દેશ છે દુનિયામાં સૌથી વધુ વસતી ધરાવતો, ગરીબીમાં સબડતો, અંધશ્રદ્ધામાં અટવાતો અને છતાં પણ શૂરવીરોના શૂરાતનથી ભરેલો, લોકોના નીજ પુરુષાર્થ થકી આગળ આવેલો અને દુનિયાના લોકો પર પોતાની અલગ, મિટાવી ન શકાય તેવી છાપ છોડી જનારો દેશ. દેશ ગરીબ છે એમાં કોઇ નવાઇ નથી પણ આ ગરીબીના માહોલમાં પણ પોતાના પુરૂષાર્થ થકી આગળ આવનાર લોકોનો અહીં પાર નથી. લોકોને અહીં દોડવું હોય તો ઢાળ મળે એવો સરળ સમાજ પણ નથી, પણ છતાંય અહીંના લોકોમાં ખુમારી છે, પોતાના સંઘર્ષથી નકારાત્મક પરિબળોને સકારાત્મકમાં ફેરવવાની. અને આવા એક નહીં સેંકડો ઉદાહરણ તમને ગોતવા જશો તો મળી આવશે. આજે આપણે વાત કરવી છે આવી જ એક ભડવીર બાવડેબાજ યુવતીની. આ યુવતી જ્યારે બોક્સિંગ રીંગમાં ઊતરે છે, ત્યારે તે રીંગ જાણે પોતાના ઘરની જ હોય, એવા આત્મવિશ્વાસ સાથે ઊતરે છે. પોતાના મજબૂત મુક્કાથી પ્રતિસ્પર્ધીને ધૂળ ચાટતો કરી દેવાની તેનામાં ગજબની આવડત છે. ૨૦૧૩ના સરબીયા ખાતે યોજાયેલી દ્વિતીય નેશન કપ ઇન્ટરનેશનલ સબ-જુનિયર ગર્લ્સ બોક્સિંગ ટુર્નામેન્ટમાં સુવર્ણચંદ્રક જીતીને તેણે પોતાના આગમનની એંધાણી આપી જ દીધી હતી. જમુના બોડોને પણ આ તબક્કા સુધી પહોંચવા માટે ભારે સંઘર્ષનો સામનો કરવો પડ્યો હતો. આસામના બોડો આદિવાસી જાતિની જમુના બોડો એટલે કે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત બોક્સર આસામના સોનિતપુર જિલ્લાના બિલસીરી નામના નાનકડા ગામમાંથી આવે છે. વર્ષો પહેલાં પતિના મૃત્યુ બાદ પોતાની બે દિકરી અને પુત્રનું જીવન ગાડું ચલાવવા તેની માતા નિર્મલા બોડો શાકભાજી વેચીને પોતાનું પેટિયું રળતી હતી. પોતાના અદમ્ય પુરુષાર્થ અને સંતાનોને આગળ વધારવા માટેની નિષ્ઠા આજે છાપરે ચડીને પોકારે છે. તેની પુત્રી જમુના ૨૦૧૪માં બલ્ગેરિયાના સોફિયા ખાતેની વર્લ્ડ યુથ ચેમ્પિયનશીપમાં સુવર્ણચંદ્રક જીતી લાવી અને ૨૦૧૫માં તાઇપેઇ ખાતે યુથ વર્લ્ડ બોક્સીંગ ચેમ્પિયનશીપમાં ૫૭ કિલોની કૅટેગરીમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા કાંસ્યચંદ્રક જીતી લાવી અને દુનિયાને દેખાડી દીધું કે અડગ મનના મુસાફરને હિમાલય પણ નડતો નથી. આજે જમુના પાસે ભારત વતી રમતા અને જીતેલા અસંખ્ય પદકો છે.

પોતાની જિંદગીના પાના ખોલતા જમુના તેના પિતાના અવસાન અને તેના માર્શલ આર્ટ પ્રત્યેના લગાવ વિશે વાત કરતા જણાવે છે કે, ‘હું જ્યારે માત્ર દસ વર્ષની હતી ત્યારે મારા પિતા મૃત્યુ પામ્યા. મારી માતાએ દારૂણ ગરીબીમાં અમને ત્રણ ભાઇબહેનોને ઉછેર્યા. અમારા ગામના મોટા છોકરાઓ વુશુ (માર્શલ આર્ટનો એક પ્રકાર) રમતા, જેને જોઇને મને પણ આ રમત અંગે લગાવ જાગ્યો. વુશુની તાલીમ લેતાં લેતાં મેં જિલ્લા સ્તરની વુશુ મેચમાં સુવર્ણચંદ્રક મેળવ્યો અને મારા કોચની સહાયથી બોક્સિંગની તાલીમ મેળવવાની પણ શરૂ કરી. અમારા ગામમાં બોક્સિંગની તાલીમ માટે કોઇ સગવડ નહોતી, તેથી મારા કોચે મને ૨૦૦૯માં સ્પોર્ટસ ઑથોરિટી ઑફ ઇન્ડિયામાં તાલીમની વ્યવસ્થા કરી આપી.. ૨૦૧૦માં તમિળનાડુના ઇરોડ ખાતે યોજાયેલી પ્રથમ સબ-જુનિયર વુમન્સ નેશનલ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં ૫૨ કિલોની કેટેગરીમાં મેં મારો પ્રથમ સુવર્ણચંદ્રક જીત્યો. અને ત્યાર બાદ ૨૦૧૧માં કોઇમ્બતુર ખાતે યોજાયેલી દ્વિતીય સબ-જુનિયર વુમન્સ નેશનલ બોક્સિંગ ચેમ્પિયનશીપમાં બીજો સુવર્ણચંદ્રક જીત્યો.’

જોકે બોક્સિંગમાં મેળવેલી જીત અને અનેક માનઅકરામ, પદક, નામદામ બાદ પણ ઘરની પરિસ્થિતિ તો ઠેરની ઠેર જ હતી. બેલસીરી રેલવે સ્ટેશન નજીક ગંદી ઝુંપડપટ્ટીમાં રહેવાનું. એની માતાનું પણ એજ શાકભાજી વેચવાનું કામ કરી પેટનો ખાડો પુરતી હતી. છતાં પણ હિંમત હાર્યા વગર, પોતાની ગરીબાઇ વિશે લઘુતા અનુભવ્યા વગર જમુનાએ એની માતાને પોતાની આદર્શ માની એક પછી એક સ્પર્ધાઓમાં પદકો જીતવા માંડ્યા. ‘હું માત્ર જીતવાના એકમાત્ર લક્ષ્ય સાથે રિંગમાં ઊતરું છું. રિંગમાં મારે કોઇ સ્ત્રીનો સામનો કરવાનો છે કે પુરુષનો, તેનાથી મને કોઇ ફરક નથી પડતો. હું તાલીમ પણ છોકરાઓ સાથે જ લઉં છું.’ એમ તે ગર્વભેર જણાવે છે.

૨૦૨૦ના ટોકિયો ઑલિમ્પિક માટે પસંદ થવાની જમુનાની ઇચ્છા છે. મેરી કોમને તે પોતાનો આદર્શ માને છે. ત્રણ બાળકોની માતા હોવા છતાં મેરી કોમ રિંગમાં ભલભલાને હરાવી શકે તો હું શું કામ નહીં? એમ જમુનાનું માનવું છે. પોતાના દેશ માટે મેડલ જીતવાની એની ઇચ્છા છે.

દેશના અસંખ્ય લોકો માટે પ્રેરણા સમાન આ યુવાન બોક્સરને પોતાના સપનાં સાકાર કરવા દેશનો સહકાર મળે અને એ દેશનું નામ રોશન કરી નવા કીર્તિમાનો સ્થાપિત કરે એવી આશા અસ્થાને તો નથી જ. ■

## નારી વિશ્વ (આઠમા પાનાનું ચાલુ)

પોપ્યુલેશન ફંડ અને ઈન્ટરનેશનલ સેન્ટર ફોર રિસર્ચ ઓન વિમેન દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે ભારતમાં પૌરુષ્ય એટલે સ્ત્રીને દાબમાં રાખવી. તેની સાથેના અંગત સંબંધમાં દરેક નિયમ તે જ નક્કી કરે. તેમાંથી ૬૦% પુરુષોએ કબૂલ્યું કે તેઓ સ્ત્રી ઉપર હિંસાનો ઉપયોગ કર્યો છે. લાફો મારવો, લાતો મારવી, ચોટલાથી પકડવી, બાળવું વગેરે ૨૦૦૫-૬માં થયેલા નેશનલ હેલ્થ ફેમિલી સર્વેમાં પણ જાણવા મળ્યું હતું કે પરિણીત મહિલાઓ પર હિંસા તેના પતિ દ્વારા જ થતી હોય છે. હિંસાનો ભોગ બનનાર ચારમાંથી એક જ સ્ત્રી કોઈની મદદ માગે છે.લગ્નજીવનમાં થતી સેક્સુઅલ હિંસા વિશે સ્ત્રીઓ ભાગ્યે જ કોઈને વાત કરે છે કે પછી મદદ માગે છે, જ્યારે શારીરિક હિંસા માટે તેઓ કુટુંબની અન્ય વ્યક્તિઓની મદદ માગે છે. આમ પણ સ્ત્રીની ના સાંભળવા તેમાં પણ પત્નીની ના સાંભળવી પુરુષોને ગમતી નથી હોતી. સ્ત્રીની ના હોય તે છતાં જબરજસ્તીથી સંબંધ બાંધવો તે બળાત્કાર જ ગણી શકાય. ખેર, પણ આપણે ત્યાં બંધબારણે થતી હિંસાને મોટાભાગે દબાવી રાખવામાં આવે છે.

અહીં તો સ્ત્રીની ઉંમર જે અઢાર વરસથી નાની હોય તેની સાથે થતાં અન્યાય બાબતે વિરોધ છે, પણ કેટલાકની દલીલ છે કે મેરિટલ રેપનો કાયદો ઘરની શાંતિ ડહોળાવી શકે છે કે પુરુષને અન્યાય કરી શકે છે. હકીકત એ છે કે હજી આજે પણ દર સો બળાત્કારે માત્ર ૬ બળાત્કારના કિસ્સા વિશે ફરિયાદ નોંધાવાય છે. તેમાં પણ આ બળાત્કારની ફરિયાદમાં પતિ સિવાય અન્ય વ્યક્તિઓએ જ કર્યા હોય છે તે જ હોય છે. આપણે લગ્નને પવિત્ર માનીએ છીએ પણ તેમાં પતિ દ્વારા થતાં હિંસક અત્યાચાર અને બળાત્કારનો આપણને વાંધો નથી હોતો. આ તે કેવી વાત? હવે આ વિશે વિચારવાની જરૂર નથી લાગતી? ટ્રિપલ તલાક કે જેમાં એક ઝાટકે સ્ત્રીથી છેડો ફાડી નાંખે છે તે વિશે વિચારનાર સમાજે હવે રોજે રોજ હિંસાથી રહેંસાતી સ્ત્રીઓ વિશે પણ વિચારવું જોઈશે.

ઘર બહાર સ્ત્રીની સલામતી વિશે આજે આપણે જાગૃત થઈને પગલાં લઈ રહ્યા છીએ પણ જ્યાં ઘરની ચાર દીવાલો વચ્ચે સ્ત્રીની સલામતી ન હોય તેના વિશે વાત કરતાં પણ આપણે ત્યાં સંકોચ અનુભવાય છે ત્યાં ન્યાયની પુકાર કોણ સાંભળે? શું એવો રસ્તો ન નીકળી શકે જેમાં સ્ત્રીને ન્યાય મળે અને પુરુષને અન્યાય પણ ન થાય? ■